# ભારતીય મગફળી સંશોધન સંસ્થા (ICAR- IIGR )
# ઈવનગર રોડ, જૂનાગઢ, ગુજરાત

ફાર્મ /હરાજી/૨૪-૨૫/ તારીખ: ૨૪-૦૩-૨૦૨૫

## જાહેર હરાજી

આથી રસ ધરાવતા ઘઉંના સર્વે વેપારી મિત્રો ને જણાવવાનું કે ભારતીય મગફળી સંશોધન સંસ્થા ઇવનગર રોડ, જૂનાગઢ ખાતે આવેલ ફાર્મ માં ઉત્પાદિત ઘઉ લોક- ૧ જાત અંદાજીત ૯૪૦ ક્વિન્ટલ તથા જી.ડબ્લ્યુ ૪૫૧ જાત અંદાજીત ૪૬૦ ક્વિન્ટલ ની જાહેર હરાજી થી જે જગ્યા એ રાખવામાં આવેલ છે ત્યાંથી જેમ છે તે જ સ્થિતિ માં વેચાણ કરવાનું છે .આ જાહેર હરાજી તારીખ ૦૪-૦૪-૨૦૨૫ ને શુક્રવાર ના દિવસે સાંજે ૪.00 કલાકે રાખવામાં આવેલ છે . આ હરાજી માં ભાગ લેવા માટે ઇચ્છુક વ્યક્તિઓ એ સમયસર હાજર રહેવા જણાવવામાં આવે છે . ઘઉંના સેમ્પલ માટે અત્રેની કચેરી નો સવારના ૧૦ થી સાંજના ૫ સુધી સંપર્ક કરી શકાશે .હરાજી માટે ની શરતો તથા વધુ વિગત માટે સંસ્થા ની વેબસાઇટ www. dgr.org.in ની મુલાકાત લેવી.

## હરાજી માટે ની શરતો નીચે મુજબ છે

(૧.) હરાજી માં ભાગ લેનાર વ્યક્તિઓ એ હરાજી ના સમયે રૂ. ૧0000/- ડીપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે. ડીપોઝીટ જમા કરાવનારને જ હરાજીમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવશે.

(૨). હરાજી માં અસફળ ઉમેદવારને હરાજી પૂર્ણ થયે ડીપોઝીટ ની રકમ પરત કરવામાં આવશે.

(3) હરાજી માં ઘઉં નો ભાવ ૨૦ કિલોગ્રામ પ્રમાણે બોલવાનો રહેશે.

(૪) ઘઉં ના જથ્થા નું વજન નિયત કરેલ માપ પ્રમાણે કોથળા ભરી ને અથવા વેબ્રીજ દ્વારા કરવાનું હરાજી સમયે બંને પાર્ટી ની સહમતી થી નક્કી કરવામાં આવશે અને વેબ્રીજ માં વજન કરવાનું થાય તો તેનો ચાર્જ લેનાર પાર્ટી એ કરવાનો રહેશે અને જો કોથળા દ્વારા સ્થળ પર વજન કરવાનો થાય તો કોથળા પણ લેનાર પાર્ટી એ લાવવાના રહેશે તથા વજન હરાજી સમિતિ ના સભ્યો ની હાજરી માં કરવાનું રહેશે.

(૫) સમિતિ ની હાજરી માં વજન કર્યા બાદ બધી જ રકમ નું ચુકવણું ( પેમેન્ટ ) 24 કલાક ની અંદર ડાયરેકટર, આઈ.આઈ.જી.આર જૂનાગઢ ના નામે ચેક/ RTGS થી કરવાનું રહેશે. ચેક થી પેમેન્ટ કર્યાબાદ જયારે પણ ચેક ક્લીયર થશે ત્યારબાદ જ ઘઉં લઇ જવા દેવામાં આવશે.

( ૬) પેમેન્ટ કર્યા બાદ વધુમાં વધુ એક અઠવાડિયા માં બધો જ જથ્થો લઇ જવાનો રહશે .ત્યારબાદ સંસ્થા ની કોઈ જવાબદારી રહેશે નહિ અને જરૂર પડ્યે વધારાનો સંગ્રહ ચાર્જ વસુલ કરવામાં આવશે .

(૭) પાર્ટી દ્વારા ઘઉં નો જથ્થો ઉપાડી લીધા બાદ માલ મળ્યા ની વિગતવાર પહોંચ આપવાની રહેશે.

(૮) ઘઉં ની પ્રતિ ૨૦ કિલો ની પ્રારંભિક કિંમત અને અન્ય જરૂરી શરતો હરાજી સમિતિ દ્વારા હરાજી સમયે જણાવવામાં આવશે.

(૮) ઘઉંના જથ્થા ને કાર્યાલય સમય દરમ્યાન જ બહાર લઇ જવા દેવામાં આવશે .

(૯) હરાજી ના કોઈપણ સ્તરે કોઈપણ પ્રકારનું કારણ દર્શાવ્યા વગર હરાજી રદ કરવાનો સંપૂર્ણ અધિકાર ડાયરેકટર, આઈ.આઈ.જી.આર. જૂનાગઢ નો રહેશે

**હરાજીની તારીખ : ૦૪-૦૪-૨૦૨૫ શુક્રવાર, સમય: સાંજે ૪.00 કલાકે**

**હરાજી નું સ્થળ; ફાર્મ વિભાગ, ભારતીય મગફળી સંશોધન સંસ્થા, ઇવનગર રોડ , જૂનાગઢ**